# પ્રકરણ ૧૭

# કારકિર્દી તરીકે જીવન વીમા એજન્સી

પ્રશ્ન ૧. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

૧ . કોઈ વ્યક્તિગત એજન્ટ જીવન વીમા કંપનીનું પ્રતિનિધિત્વ કરે છે અને એજન્ટ પ્રિન્સીપાલ સંબંધ દ્વારા સંચાલિત છે.

૨ . વ્યક્તિગત વીમા એજન્ટનો મુખ્ય સંબંધ અને જવાબદારી વીમા ખરીદનાર સાથે છે, નહિ કે વીમાં કંપની સાથે.

૩ . સામાન્ય રીતે વીમાધારકનું પ્રતિનિધિત્વ કરતા બ્રોકર્સ કોઈપણ એક વીમા કંપની માટે વિશીષ્ટ કામ કરવાનો કરાર ધરાવતા નથી.

૪ . વીમા બ્રોકર ગ્રાહકની વિશિષ્ટ જરૂરીયાતને અનુકુળ હશે તેવા યોગ્ય ઉત્પાદન અને કંપનીની પસંદગી કરતી વખતે ગ્રાહકના હિતનું સંરક્ષાણ કરશે તેવી અપેક્ષા છે.

પ્રશ્ન ૨. ૧૯૬૪મા હાર્વર્ડ બીઝનેસ રીવ્યુએ "કયા ગુનો સફળ સેલ્સમેન બનાવે છે" તેના પર અભ્યાસ પ્રકાર્શિત કર્યો. લેખકોએ રસપ્રદ ત્રણ રજુ કર્યા હતા. તેમને જણાવ્યું હતું કે સફળ સેલ્સમેન બે ગુણ ધરાવતા હોવા જોઈએ. આ બે ગુણ કયા છે?

૧ . સ્નેહ અને સફળ હોવાનો ઉત્સાહ

૨ . ધૈર્ય અને સક્રિયતાતરફી

૩ . સંવેદનશીલતા અને કાર્યનો સંતોષ

૪ . વૃદ્ધિ માટેનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ

પ્રશ્ન ૩. સમયગાળો શરુ થવા સમયે લાગુ પોલીસીઓનું કુલ સંખ્યામાંથી સમયગાળાના અંતે લાગુ પોલીસીઓની સંખ્યાના પ્રમાણને _________ તરીકે ઓળખવામાં આવે છે.

૧ . સાતત્યતા

૨ . સુસંગતતા

૩ . એકરૂપતા

૪ . વિશ્વસનીયતા

પ્રશ્ન ૪. સામાન્ય રીતે વીમા એજન્ટ _________ પ્રતિનિધિત્વ કરે છે.

૧ . ગ્રાહક

૨ . <u>વીમા કંપની</u>

૩ . સરકાર

૪ . ઈરડા

પ્રશ્ન ૫. પ્રત્યક્ષ માર્કેટિંગમાં નીચેનામાંથી શું સંકળાયેલું છે?

૧ . ટેલિમાર્કેટિંગ

૨ . વીમા એજન્ટ્સ

૩ . બેંક એસ્યોરન્સ

૪ . <u>ઉપરોક્ત તમામ</u>

પ્રશ્ન ૬ . "જેનાથી તમને દુખ પીડા થાય તેવું અન્ય લોકો સાથે ન કરો." નૈનીક્તાનો આ સોનેરી નિયમ કયા ધર્મ કે સંપ્રદાયનો છે?

૧ . <u>બુદ્ધ સંપ્રદાય</u>

૨ . ખ્રીસથી સંપ્રદાય

૩ . હિંદુ ધર્મ

૪ . યહૂદી ધર્મ

પ્રશ્ન ૭. જયારે અરજદાર પ્રથમ વખત લાઇસન્સ મેળવવા અરજી કરે, ત્યારે તેને જીવન વીમા કંપનીમાં _______ની તાલીમ લેવી પડે છે.

૧ . ૨૫ કલાક

૨ . <u>૫૦ કલાક</u>

૩ . ૭૫ કલાક

૪ . ૧૦૦ કલાક

પ્રશ્ન ૮. એજન્ટને ઈશ્યુ કરવામાં આવતું લાઇસન્સ ________ માટે માન્ય છે.

૧. એક વર્ષ

૨ . બે વર્ષ

૩ . ત્રણ વર્ષ

૪ . પાંચ વર્ષ

પ્રશ્ન ૯. ભારતીય કરાર કાયદાની ૧૮૨મી જોગવાઈ મુજબ એવી વ્યક્તિ છે જેને અન્ય માટે કામ કરવા કે ત્રીજી વ્યક્તિ સાથે વ્યવહાર કરવા અન્યનું પ્રતિનિધિત્વ કરવા કામ પર રાખવામાં આવે છે.

૧ . મુખ્ય અધિકારી

૨ .પ્રોક્સી

૩ . મધ્યસ્થી

૪ . એજન્ટ

પ્રશ્ન ૧૦. તમામ વીમા બ્રોકર ________નું પ્રતિનિધિત્વ કરે છે.

૧ . વીમા કંપની

૨ . વીમાધારક

૩ . વીમાકંપનીઓનું જોડાણ

૪ . વીમો ખરીદેલ લોકોનો સમુદાય

પ્રશ્ન ૧૧. ઇન્સ્યોરન્સ માર્કેટપ્લેસ સ્ટેન્ડર્ડ એસોસીએશનના સિદ્ધાંતોનો સિધ્ધાંત ૨ નીચેનામાંથી શેનું પ્રતિબિંબ છે?

૧ . સક્ષમ અને ગ્રહક્ષ કેન્દ્રિત વેચાણ અને સેવા પૂરી પડવી

૨ . સક્રિય અને તટસ્થ સ્પર્ધામાં જોડાવું.

૩ . ગ્રાહકની ફરિયાદ અને વિવાદોનું યોગ્ય અને ઝડપથી સંચાલન કરવું.

૪ . નૈતિક બજાર વર્તુણુંકના આ સિદ્ધાંતોનું પાલન કરવા બનાવવામાં આવેલી નિરીક્ષણ અને સમિક્ષાની વ્યવસ્થા જાળવવી.

પ્રશ્ન ૧૨. સંયુક્ત લાઇસન્સ રીન્યુ કરાવતા અગાઉ અરજદારે માન્યતાપ્રાપ્ત સંસ્થા પાસેથી ______ની રીન્યુઅલ તાલીમ મેળવવી જરૂરી છે.

૧ . ૨૫ કલાક

૨ . ૫૦ કલાક

૩ . <u>૩૫ કલાક</u>

૪ . ૭૫ કલાક

પ્રશ્ન ૧૩. ઈરડાએ ________થી સાતત્યતા પરની માર્ગદર્શિકાનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

૧ . ૧ જુલાઈ ૨૦૧૧

૨ . ૧ જુલાઈ ૨૦૧૨

૩ . ૧ જુલાઈ ૨૦૧૩

૪ . <u>૧ જુલાઈ ૨૦૧૪</u>